ADITYA BIRLA CAPITAL
HEALTH INSURANCE

પરિચય ACTIV YUVA

યુવા ભારત માટેનું આરોગ્ય વીમા, જે તમને યોગ્ય આહાર, સક્રિય જીવનશૈલી અને આરોગ્યની કાળજી રાખવા બદલ **તમારા પ્રીમિયમના 100% સુધી હેલ્થરિટર્ન્સ™ મેળવવાની તક આપે છે!**

હેલ્થરિટર્ન્સ™ = **હેલ્ધી હાર્ટ સ્કોર™** (લીલો | એમ્બર | લાલ) **+** **એક્ટિવ ડેઝ™** (દરરોજ 10,000 પગલાં અથવા દરરોજ એક સત્રમાં 300 કેલરી બર્ન કરો)

યોગ્ય આહાર, સક્રિય જીવનશૈલી અને આરોગ્યની કાળજી દ્વારા તમારા હેલ્થરિટર્ન્સ™માં વધારો કરો!*

જમવું
એક મહિનામાં 21 દિવસ સુધી દરરોજ કોઈપણ 2 ભોજનની નોંધ કરો
+10% હેલ્થરિટર્ન્સ™ બૂસ્ટ

સક્રિય રહો
એક મહિનામાં સરેરાશ 7500 થી 9999 પગલાં પ્રતિ દિવસ અથવા એક કસરત સત્રમાં સરેરાશ 250 કેલરી બર્ન કરો
+4 એક્ટિવ ડેઝ™

સ્વાસ્થ્ય સુધારવું
એક મહિનામાં 21 દિવસ સુધી દરરોજ 7 થી 8 કલાકની ઊંઘની નોંધ કરો
+15% હેલ્થરિટર્ન્સ™ બૂસ્ટ

એક્ટિવ હેલ્થ એપ દ્વારા

- **અમર્યાદિત વીમાકૃત રકમનો** વિકલ્પ પસંદ કરો
- અવિવાહિત હોવા છતાં **વિશ્વવ્યાપી પ્રસૂતિ કવર** મેળવો[$] (વૈકલ્પિક)
- આધાર પ્રીમિયમના **5 ગણાં સુધીનું OPD કવર**^ (વૈકલ્પિક)
- 11 વર્ષમાં **11 ગણાં સુધીનું કવર**@
- વિદેશ પ્રવાસ દરમિયાન **તમારી પોલિસીને થોભાવવાની સુવિધા**[2]
- લાંબા ગાળાની હોસ્પિટલમાં દાખલ રહેવાની સારવાર પછી **આવક સુરક્ષા કવર** (વૈકલ્પિક)



દરરોજ તંદુરસ્ત રહો જીવન બનાવો વિન-વિન

અંતર્નિર્મિત કવર

લાભો		તેનો તમારા માટે શું અર્થ છે
હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચ (ઓછામાં ઓછા 2 કલાક હોસ્પિટલમાં દાખલ રહેવું જરૂરી)	રૂમ ભાડું	વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી (કોઈપણ રૂમ)
	ICU ખર્ચ	વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
	ડે કેર સારવાર	તમામ ડે કેર પ્રક્રિયાઓ માટે વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
	આધુનિક પ્રક્રિયાઓ / સારવાર	સૂચિબદ્ધ પ્રક્રિયાઓ માટે વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
	HIV / AIDS અને STD માટેનું કવર	વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
	માનસિક બીમારી માટે હોસ્પિટલમાં દાખલ થવાનું કવર	વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
	મેદસ્વિતાની સારવાર	વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
આકસ્મિક સેવાઓ (દેશની અંદર રોડ અને એર એમ્બ્યુલન્સ)		વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
હોસ્પિટલમાં દાખલ થતાં પહેલાંના તબીબી ખર્ચ		90 દિવસ સુધી (વીમાકૃત રકમની મર્યાદા સુધી)
હોસ્પિટલમાંથી રજા મળ્યા પછીના તબીબી ખર્ચ		180 દિવસ સુધી (વીમાકૃત રકમની મર્યાદા સુધી)
ક્લેમ પ્રોટેક્ટ (બિન-તબીબી ખર્ચ પર છૂટ)		બિન-તબીબી ખર્ચ / ચૂકવવાપાત્ર ન હોય તેવી તમામ વસ્તુઓનો ખર્ચ આવરી લેવામાં આવશે (પરિશિષ્ટ-I ની તમામ 4 યાદીઓ મુજબ)
ઘરે હોસ્પિટલ જેવી સારવાર (ડોમિસિલિયરી હોસ્પિટલાઇઝેશન)		વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
ઘરઆધારિત આરોગ્ય સારવાર		વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
આયુષ સારવાર		વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી (ઓછામાં ઓછા 24 કલાક હોસ્પિટલમાં દાખલ રહેવું જરૂરી)
અંગદાતા સંબંધિત ખર્ચ		વાસ્તવિક ખર્ચ મુજબ, વીમાકૃત રકમ સુધી
યુવા રિલોડ		દરેક રિન્યૂઅલ વર્ષે તમારી આધાર વીમાકૃત રકમમાં 100% વધારો થશે, મહત્તમ 1000% (11 વર્ષમાં 11 ગણું) સુધી. નોંધ: જો અમર્યાદિત વીમાકૃત રકમનો વિકલ્પ પસંદ કર્યો હોય તો આ લાભ લાગુ પડશે નહીં.
યુવા કેડિટ		દરેક રિન્યૂઅલ વર્ષે તમારી આધાર વીમાકૃત રકમમાં 100% વધારો થશે, મહત્તમ 1000% (11 વર્ષમાં 11 ગણું) સુધી. નોંધ: જો અમર્યાદિત વીમાકૃત રકમનો વિકલ્પ પસંદ કર્યો હોય, તો આ લાભ લાગુ પડશે નહીં.
ચાલુ / બંધ		પોલિસી વર્ષ દરમિયાન ઓછામાં ઓછા 15 દિવસથી વધુમાં વધુ 90 દિવસ સુધી વિદેશ પ્રવાસ દરમિયાન અમારી મોબાઇલ એપ્લિકેશન દ્વારા તમારી પોલિસી 'બંધ (OFF)' કરીને, રિન્યૂઅલ સમયે તમારા આધાર પ્રીમિયમના 15% સુધીનું ડિસ્કાઉન્ટ મેળવો. નોંધ: 'બંધ (OFF)' સમયગાળા દરમિયાન ભારતની અંદરનું કવર સ્થગિત રહેશે, પરંતુ તમે હેલ્થરિટર્ન્સ™ મેળવવાનું ચાલુ રાખી શકશો.

આરોગ્ય વ્યવસ્થાપન કાર્યક્રમ (અંતર્નિર્મિત કવર)

લાભો	તેનો તમારા માટે શું અર્થ છે
હેલ્થ એસેસમેન્ટ™	પોલિસી વર્ષ દરમિયાન એક વખત ઉપલબ્ધ (કેશલેસ (HA) / ડિજિટલ (DHA)3) — અમારા નેટવર્ક પ્રોવાઇડર / પેનલમાં સમાવિષ્ટ સેવા પ્રદાતાઓ દ્વારા.
હેલ્થરિટર્ન્સ™	સક્રિય રહીને તમારા પ્રીમિયમ (આધાર પ્રીમિયમ)ના 100% સુધીની રકમ હેલ્થરિટર્ન્સ™ તરીકે મેળવો. હેલ્થરિટર્ન્સ™નો ઉપયોગ હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચ, OPD ખર્ચ, નિવારક અને સુખાકારી સંબંધિત પ્રવૃત્તિઓ, આરોગ્ય વેરેબલ ઉપકરણો, કપાતપાત્ર, બિન-ચૂકવાપાત્ર ક્લેમ, આયુષ સારવાર, રિન્યૂઅલ પ્રીમિયમ પર ડિસ્કાઉન્ટ અથવા અન્ય રિટેલ ઇન્ડેમ્નિટી પોલિસી ખરીદવા માટે કરી શકાય છે.
હેલ્થરિટર્ન્સ™ માટે બૂસ્ટર	યોગ્ય આહાર: અમારી મોબાઇલ એપ્લિકેશનમાં એક મહિનામાં 21 દિવસ સુધી દરરોજ 2 ભોજનની નોંધ કરીને, તમે તે મહિનામાં મેળવેલા હેલ્થરિટર્ન્સ™ પર વધારાના 10% બૂસ્ટર મેળવી શકો છો સક્રિય રહો: જો તમે એક મહિનામાં દરરોજ સરેરાશ 7,500 થી 9,999 પગલાં ચાલો અથવા દરેક કસરત સત્રમાં 250 અથવા તેથી વધુ કેલરી બર્ન કરો (જે દિવસોમાં તમે એક્ટિવ ડેઝ™ મેળવી શક્યા ન હોવ), તો તમને તે મહિનામાં 4 બોનસ એક્ટિવ ડેઝ™ મળશે. નોંધ: આ લાભ ત્યારે જ લાગુ પડશે જ્યારે તમે તે મહિનામાં 23 કરતાં ઓછા એક્ટિવ ડેઝ™ મેળવ્યા હોય. આરોગ્યની કાળજી રાખો: અમારી મોબાઇલ એપ્લિકેશન સાથે જોડાયેલા યોગ્ય વેરેબલ ઉપકરણ દ્વારા એક મહિનામાં 21 દિવસ સુધી દરરોજ 7 થી 8 કલાકની ઊંઘની નોંધ કરીને, તમે તે મહિનામાં મેળવેલા હેલ્થરિટર્ન્સ™ પર વધારાના 15% બૂસ્ટર મેળવી શકો છો.

આદિત્ય બિરલા હેલ્થ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ, IRDAI નોંધણી ક્રમાંક: 153. CIN નં.: U66000MH2015PLC263677. ઉત્પાદનનું નામ: એક્ટિવ યુવા. ઉત્પાદન UIN: ADIHLIP27047V012627. જાહેરાત UIN: ABHI/ONL/26-27/326. નોંધાયેલ કાર્યાલયનું સરનામું: 9મો માળ, ટાવર 1, વન વર્લ્ડ સેન્ટર, જ્યુપિટર મિલ્સ કમ્પાઉન્ડ, 841, સેનાપતિ બાપટ માર્ગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ 400013. ઈ-મેલ: care.healthinsurance@adityabirlacapital.com. વેબસાઇટ: adityabirlacapitalinsurance.com. ટેલિફોન: 1800 270 7000. આદિત્ય બિરલા કેપિટલનું ટ્રેડમાર્ક/લોગો આદિત્ય બિરલા મેનેજમેન્ટ કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડની માલિકીનું છે, જ્યારે™ હેલ્થરિટર્ન્સ™, હેલ્થી હાર્ટ સ્કોર™ અને એક્ટિવ ડેઝ™ ના ટ્રેડમાર્ક/લોગો મોમેન્ટમ ગ્રુપ લિમિટેડ (અગાઉ મોમેન્ટમ મેટ્રોપોલિટન લાઇફ લિમિટેડ તરીકે ઓળખાતી)ની માલિકીના છે. આ ટ્રેડમાર્ક/લોગોનો ઉપયોગ આદિત્ય બિરલા હેલ્થ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઇસન્સ કરાર હેઠળ કરવામાં આવે છે. જોખમના પરિબળો, નિયમો અને શરતો અંગેની સંપૂર્ણ વિગતો માટે, કૃપા કરીને પોલિસી ખરીદતા પહેલાં પોલિસી વર્ડિંગ અને પ્રોસ્પેક્ટસ ધ્યાનપૂર્વક વાંચો. *હેલ્થરિટર્ન્સ™ સૂચક છે અને હેલ્થી હાર્ટ સ્કોર™ તથા એક્ટિવ ડેઝ™ ના આધારે વ્યક્તિગત કામગીરી મુજબ આપવામાં આવે છે. એક્ટિવ ડેઝ™, બોનસ ડેઝ, બૂસ્ટર્સ અને ફિટનેસ એસેસમેન્ટ્સ પાત્રતા, માન્યતા, મર્યાદાઓ અને પોલિસીની શરતોને આધીન છે. બોનસ એક્ટિવ ડેઝ™ માત્ર ત્યારે જ આપવામાં આવે છે જ્યારે વીમાધારકે એક મહિનામાં 23 કરતાં ઓછા એક્ટિવ ડેઝ™ મેળવ્યા હોય. યોગ્ય આહાર (EAT) અને આરોગ્યની કાળજી (HEAL) સંબંધિત બૂસ્ટરનો લાભ મેળવવા માટે ઓછામાં ઓછા 4 એક્ટિવ ડેઝ™ મેળવવા જરૂરી છે. બોનસ એક્ટિવ ડેઝ™ની ગણતરી તે દિવસોના સરેરાશ પગલાં અથવા કેલરીના આધારે કરવામાં આવશે, જેમાં એક્ટિવ ડેઝ™ પૂર્ણ થયા ન હોય. આ લાભ માટે અમારી મોબાઇલ એપ્લિકેશન સાથે સુસંગત વેરેબલ ઉપકરણોની યાદી માટે કૃપા કરીને અમારી વેબસાઇટ જુઓ. [5] પ્રસૂતિ કવર માત્ર એક પ્રસૂતિ ઘટના સુધી મર્યાદિત છે. સરોગસી, એક્ટોપિક ગર્ભાવસ્થા, સ્ટેમ સેલ હાર્વેસ્ટિંગ/સ્ટોરેજ તથા બિન-તબીબી ખર્ચ આ કવર હેઠળ આવરી લેવામાં આવતા નથી. કવર અંગેની સંપૂર્ણ વિગતો માટે પોલિસી વર્ડિંગનો સંદર્ભ લો. ^ દરેક શ્રેણી માટે અલગ ઉપ-મર્યાદા (સબ-લિમિટ) લાગુ પડે છે. [2] આ સુવિધા માત્ર પુખ્ત વયના વીમાધારકો માટે અમારી મોબાઇલ એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ છે. ટ્રાવેલ કેડિટ્સ માન્ય પ્રવાસ દસ્તાવેજોની સમયસર રજૂઆત અને ચકાસણી બાદ જ આપવામાં આવશે. [3] એસેસમેન્ટના પરિણામો એપમાં વપરાશકર્તા દ્વારા ભરવામાં આવેલી માહિતીના આધારે તૈયાર કરવામાં આવે છે. @ આ લાભ અમર્યાદિત વીમાકૃત રકમ ધરાવતી પોલિસી માટે લાગુ પડતો નથી. નિયમો અને શરતો લાગુ પડશે.